**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૧. બજારમાં**

ધોરણ : ૮

કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૪

(૧) તમારા મતે ચિત્રમાં મુખ્ય ઘટના કઈ છે?

(૨) ચિત્રમાં દશ્યમાન વાહનોનો ઉપયોગ જણાવો.

(૩) શહેરમાં કઈ કઈ નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ છે ?

(૪) તમારા મતે કયા કારણે અકસ્માત થયો હશે?

(૫) અકસ્માત સ્થળે ભેગા થયેલા લોકો શી વાતચીત કરતા હશે?

(૬) વાહન ચલાવતી વખતે કઈ કઈ સાવધાની રાખવી જોઈએ ?

(૭) ચિત્રમાં શાની–શાની દુકાનો દેખાય છે ?

❖ કમ્પ્યૂટર સેન્ટરની મુલાકાત લઈ તેનું વર્ણન કરો. ૬

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૨. એક જ દે ચિનગારી**

ધોરણ : ૮ | કુલ ગુણ : ૨૫

- નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૪

(૧) એક જ દે ચિનગારી કાવ્યના કવિ કોણ છે?

(૨) ના સળગી એક સગડી મારી દ્વારા કવિ શું કહેવા માગે છે?

(૩) અંતે કવિની ધીરજ કેમ ખૂટી ગઈ?

(૪) કવિ ઈશ્વર પાસે શાની માગણી કરે છે?

(૫) કવિએ પોતાનું જીવન શેમાં ખરચી નાખ્યું ?

(૬) કવિ માત્ર એક જ ચિનગારી શા માટે માગે છે ?

(૭) સગડી કેમ ના સળગી ?

- નીચે જણાવ્યા પ્રમાણે પ્રશ્નોના જવાબ આપો. ૪

(૧) જિંદગી ખરચી નાખવી રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(૨) ચિનગારી શબ્દનો અર્થ સમજાવો.

(૩) ધીરજ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

(૪) જિદંગી શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

- ભાષા સજજતા ૭

(૧) ધ્વનિ છૂટી પાડો : મહાનલ, ચિનગારી

(૨) સ્વર અને વ્યંજનના બે બે ઉદાહરણ આપો.

(૩) કોઈપણ બે મહાપ્રાણ ધ્વનિના ઉદાહરણ આપો.

(૪) કોઈપણ બે–બે અઘોષ અને ઘોષ ધ્વનિના ઉદાહરણ આપો.

(૫) આપેલ ધ્વનિ માંથી કંઠય ધ્વનિ અલગ કરો. ક,ખ, પ,ફ,ગ,ઘ, જ,ઝ,ટ,ડ,ઠ,ઢ

(૬) આપેલ ધ્વનિ માંથી ઓષ્ઠય ધ્વનિ અલગ કરો. ક,ખ, પ,ફ,ગ,ઘ, જ,ઝ,ટ,ડ,ઠ,ઢ

(૭) આપેલ ધ્વનિ માંથી દંત્ય ધ્વનિ અલગ કરો. ક,ખ, પ,ફ,ત,થ, જ,દ,ધ, ઝ,ટ,ડ,ઠ,ઢ

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૩. જુમો ભિસ્તી**

| ધોરણ : ૮ | કુલ ગુણ : ૨૦ |
|---|---|

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૦

(૧) જુમો ભિસ્તી પાઠના લેખકનું નામ શું છે ?

(૨) પાડાનું નામ વેણુ કોણે પાડયું હતું ?

(૩) જુમા સાથેની દોસ્તી અંત સમયે વેણુ કેવી રીતે નિભાવે છે ?

(૪) વાર્તાના છેલ્લા વાકયનું શું મહત્વ છે તે સમજાવો.

(૫) શું બન્યું હોત તો વેણુ બચી ગયો હોત ?

❖ નીચે જણાવ્યા પ્રમાણે જવાબ આપો : ૧૦

(૧) નીચેના શબ્દોના અર્થ આપો. ૩

(૧) હાંડલી (૨) ગદબ (૩) લક્ષાધિપતિ (૪) મશક

(૫) છોળ (૬) ખખડધજ

(૨) રૂઢિપ્રયોગોના અર્થ આપો. ૨

(૧) તડકા–છાંયડા જોવા (૨) પૈસાની છોળ રેલાવી

(૩) કર્તરિપ્રયોગનું એક ઉદાહરણ આપો. ૧

(૪) કર્મણિપ્રયોગનું એક ઉદાહરણ આપો. ૧

(૫) ભાવેપ્રયોગનું એક ઉદાહરણ આપો. ૧

(૬) જુમો બૂમો પાડે છે. ( પ્રેરક વાકય બનાવો) ૧

(૭) અક્ષય લેસન કરાવે છે. ( સાદું વાકય બનાવો) ૧

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૪. તને ઓળખું છું, મા**

ધોરણ : ૮ | કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૦

(૧) તને ઓળખુ છું, મા કાવ્યના કવિનું નામ શું છે ?

(૨) કવિને માતાની લહેરખી કયારે અનુભવાય છે ?

(૩) કવિ માતાની પરકમ્મા કેવી રીતે કરે છે ?

(૪) કવિ માતાની મમતા કયા કયા પ્રસંગે અનુભવે છે ?

(૫) માની મમતાને પામી શકનાર માટે કવિ કયો શબ્દ વાપરે છે ?

❖ નીચે જણાવ્યા પ્રમાણે જવાબ આપો. ૧૦

(૧) કાવ્ય પંકિત પૂર્ણ કરો. ૫

તને ઓળખું છું, મા ....... લૂ–ઝરતા મારગમાં...

(૨) નીચેના શબ્દોના અર્થ આપો. ૨

(૧) ખમ્મા (૨) પરકમ્મા (૩) ટેરવં (૪) પીડા

(૩) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો. ૧

(૧) અભાગી (૨) સ્મરણ

(૪) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો કાવ્યમાંથી શોધીને લખો. ૨

(૧) આંખ (૨) સમુદ્ર (૩) આકાશ (૪) શશી (૫) રાત્રિ

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૫. એક મુલાકાત**

ધોરણ : ૮

કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૦

(૧) ગુજરાત રાજયનું પાટનગર કયું છે ?

(૨) વિધાનસભાગૃહને કોનું નામ આપવામાં આવ્યું છે ?

(૩) વિધાનસભાગૃહ કયાં આવેલું છે ?

(૪) વિધાનસભાગૃહને ધારાસભા તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

(૫) ગાંધીનગર ગ્રીનસિટી તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૩

(૧) સ્મૃતિ (૨) પ્રતીતિ (૩) એસ્કેલેટર (૪) અલ્પાહાર (૫) મેટલ ડિટેકટર (૬) ગેટપાસ

❖ નીચે જણાવ્યા પ્રમાણે જવાબ આપો : ૭

(૧) સૂર પૂરવો – રૂઢિપ્રયોગનો અર્થ આપો. ૧

(૨) શબ્દ સમૂહો માટે એક શબ્દ આપો. ૨

(૧) રાજયના કાયદા ઘડનારી સભા

(૨) રાજયનું વડું મથક

(૩) નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો:– ૩

અસ્તિત્વ, સ્વચ્છ, પ્રવૃતિ, પ્રકૃતિ, વ્યવસ્થા, પ્રવેશ.

(૪) ઈક પ્રત્યથી બનેલા શબ્દનું ઉદાહરણ આપો. ૧

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૬. ધૂળિયે મારગ**

ધોરણ : ૮ | કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૦

(૧) ધૂળિયે મારગ કાવ્યાના કવિ કોણ છે ?

(૨) કવિના મતે મનુષ્યનું જીવન કેવું હોવું જાઈએ ?

(૩) કવિ આ કાવ્યમાં મનુષ્યજીવન માટે કઈ બાબત મહત્વની ગણાવે છે ?

(૪) આ કાવ્યમાં કવિએ ધૂળિય મારગ શબ્દ કયા અર્થમાં પ્રયોજયો છે ?

(૫) પ્રવર્તમાન સમયમાં મનુષ્યે શાની પાછળ દોટ મૂકી છે ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૨

(૧) દોઢિયું (૨) અમથું (૩) ફેરવું (૪) આપણા જુદા આંક

❖ નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો : ૨

(૧) મારગ (૨) હેતુ (૩) સોનું (૪) રાંક

❖ નીચે જણાવ્યા પ્રમાણે જવાબ આપો : ૪

(૧) ઉપમા અલંકારનું એક ઉદાહરણ આપો.

(૨) ઉપમેય અને ઉપમાનની વ્યખ્યા આપો.

❖ કાવ્યપંકિત પૂર્ણ કરો. ૨

કોણે કીધું ગરીબ...... આપણી માલંમાલ.

## મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા

## વિષય :ગુજરાતી

## એકમ કસોટી : ૭ દેશ ભકત જગડુશા

ધોરણ : ૮ | કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૨

(૧) દેશ ભકત જગડુશા પાઠના લેખક કોણ છે ?

(૨) દેશ ભકત જગડુશા પાઠનો સાહિત્ય પ્રકાર કયો છે?

(૩) જગડુશાએ વખારની અંદર લેખ શેની ઉપર લખાવ્યો હતો ?

(૪) વિશળદેવ કઈ આપતિથી ચિંતાતુર હતા ?

(૫) જગડુશા શો વ્યવસાય કરતા હતા ?

(૬) રાજાએ જગડુશાને શા માટે તેડાવ્યા ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૨

(૧) વેઢો (૨) રાંકડી (૩) રૈયત (૪) તીડ

❖ નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ લખો : ૪

(૧) આંકડા માંડવા (૨) જીભ કપાઈ જવી (૩) સાત ખોટનો દીકરો હોવો

(૪) સૌ સારાં વાનાં થવાં

❖ નીચે જણાવ્યા પ્રમાણે જવાબ આપો : ૨

(૧) રૂપક અંલકારના બે ઉદાહરણ આપો.

❖ નીચેના વાકયો કોણ બોલે છે તે જણાવો : ૫

(૧) તે જાષીજી, આ વર્ષેય વરસાદ નથી શું ? – (જોષી, રજા, જગડુશા, દરવાન, પંડિત)

(૨) મારી રાંકડી રૈયત ભૂખે મરે છે– (જોષી, રજા, જગડુશા, દરવાન, પંડિત)

(૩) મહારાજ, ઓચિંતાનો કેમ યાદ કર્યો મને ? – (જોષી, રજા, જગડુશા, દરવાન, પંડિત)

(૪) હવે આ ત્રીજી વખારનો આલેખ સાંભળો :– (જોષી, રજા, જગડુશા, દરવાન, પંડિત)

(૫) ભૂખ્યાં ગળાંમાંથી પૂરો અવાજ પણ નીકળતો નથી. – (જોષી, રજા, જગડુશા, દરવાન, પંડિત)

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૮ આજ આનન્દ**

| ધોરણ : ૮ | કુલ ગુણ : ૨૦ |
|---|---|

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૪

(૧) આજ આનન્દનો સાહિત્ય પ્રકાર જણાવો.

(૨) લોકોમાં આનંદ કયા કારણે વ્યાપો છે ?

(૩) આ કાવ્યમાં ધરતીએ ઓઢયાં લીલાં ચીર જો એટલે.. ?

(૪) ખેડૂત ઘોરીડાને કયા કારણે તૈયાર કરે છે ?

(૫) વરસાદ આવી રહયો છે તે શાના આધારે કહી શકાય ?

(૬) ખેડૂત અને એના બળદો શાનાથી શોભી રહયા છે ?

(૭) વાવણિયાને કેવી રીતે શણગાર્યું છે ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૪

(૧) ઓતર–દખણ (૨) મોળિયાં (૩) ઘોરીડા (૪) સેરું

(૫) લલાટ (૬) ગવરી (૭) સરિતાની સેરું (૮) જારું

❖ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે તે લખો : ૨

(૧) ઉત્તર (૨) દક્ષિણ

**મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા**

**વિષય :ગુજરાતી**

**એકમ કસોટી : ૯. દીકરાનો મારનાર**

ધોરણ : ૮ | કુલ ગુણ : ૨૫

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૪

(૧) દીકરાનો મારનાર પાઠના લેખક કોણ છે ?

(૨) ગાંધીજીએ લેખકને કયું બિરુદ આપ્યું છે ?

(૩) દેવળિયા ગામમાં કયા તહેવારની ઊજવણી થઈ રહી હતી ?

(૪) ગામડાની ધુળેટીમાં ઘેરૈયાઓને શેનાથી રંગવામાં આવે છે ?

(૫) મહેમાને પોતને રંગાવાની કેમ ના પાડી ?

(૬) કુંવરનું મૃત્યુ શી રીતે થયું ?

(૭) મંદોદરખાને ગામલોકોને શું કહીને શાંત પાડયા ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૩

(૧) હેડીહેડીના (૨) પરબ (૩) ગુલતાન (૪) પછેડી

(૫) કુંભાથળ (૬) ત્રાગાળું વરણ

❖ નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ આપો : ૪

(૧) નાડ રજા લે તુવું થવું

(૨) વાટકીનું શિરામણ હોવું

(૩) ચીંથરાં ફાડવાં

(૪) દિ ફરવો

(૫) પેટ મોટું હોવું

❖ નીચેની સંધી જોડો : ૨

(૧) વિદ્યા + અર્થી = (૨) સત્ + જન =

❖ નીચેની સંધી છોડો : ૨

(૧) સૂર્યાસ્ત = (૨) વિષમ =

## મહેસાણા પ્રાથમિક શાળા નં–૩ તા.જિ. મહેસાણા

## વિષય :ગુજરાતી

## એકમ કસોટી :૧૦. અઢી આના

ધોરણ : ૮ કુલ ગુણ : ૨૦

❖ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. ૧૪

(૧) અઢી આના પાઠના લેખક કોણ છે ?

(૨) અઢી આના એટલે આજના કેટલા પૈસા થાય ?

(૩) લેખકને અઢી આનાની જરૂર શા માટે હતી ?

(૪) ખૂટતા અઢી આના લેખકને કોની પાસેથી મળ્યા ?

(૫) લેકને કયું પુસ્તક ખરીદવું હતું ?

(૬) લેખકે અઢી આના કયારે પરત કર્યા ?

(૭) લેખક કયો પ્રસંગ ન ભૂલવા સૂચવે છે ?

❖ નીચેના શબ્દોના અર્થ લખો : ૨

(૧) નિઃસ્પૃહ (૨) યાચનાવૃત્તિ (૩) આગંતુક (૪) લઘુકૌમુદી

❖ નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ આપો : ૩

(૧) હિલોળે ચડવું

(૨) ઢીલાઢસ થઈ જવું

(૩) તાલાવેલી લાગવી

❖ વર્ણાનુપ્રાસ અલંકારનું એક ઉદાહરણ આપો : ૧